PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૧/ક્વા-03/૨૦૨૨-૨૩/ ૨૫૭-૪ તારીખ : ૧૧ - ૦૧ - ૨૦૨૩

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,

ચાવડા લખધીરભાઈ પ્રતાપભાઈ

"જય શ્રીચામુંડા કૃપા" શ્રીનાથજી સોસાયટી શેરી નં - ૫ મવડી મેઈન રોડ રાજકોટ,

મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,

પીન કોડ. : ૩૬૦003

મોબાઈલ : ૯૦૯૫૬૦૦૦૦૮

વિષય : ઘરલાઈટીગ વીજજોડાણમાં નામ ટ્રાન્સફર કરવા બાબતે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. નીલ.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨૧/ક્વા-03/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય. આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )

કા.વા. કન્વીનર

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,

પ.ગુ.વી.કં.લી., રાજકોટ

**બિડાણ : ઉપર મુજબ.**

**નકલ સાદર રવાના :**

**(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.**

**(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.**

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

**(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, મવડી રોડ રાજકોટ શહેર.**

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૧/ક્વા-૩/૨૨-૨૩/257-5 તા. 11-01-23

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

Case No.PG-૨૧/ક્વા-૩/૨૨-૨૩

| | |
|---|---|
| અરજદાર | : ચાવડા લખધીરભાઈ પ્રતાપભાઈ, ગામ: રાજકોટ |
| રજૂઆત કરનાર | : ચાવડા લખધીરભાઈ પ્રતાપભાઈ અને નાગર આકાશભાઈ નટુભાઈ |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – શહેર-૩ રાજકોટ |
| રજૂઆત કરનાર | : શ્રી એમ.આર.માકડિયા, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી શહેર-૩ |

## :: કોરમ ::

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી. મકવાણા |
| ૨) સભ્ય (ટેકનીકલ) | - શ્રી એન. જી. કારિયા |
| ૩) સભ્ય (સ્વતંત્ર) | - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી |

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ | : ૩૦.૧૨.૨૦૨૨ (શુક્રવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૩૦.૧૨.૨૦૨૨ (શુક્રવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, તેઓ ગ્રાહક નં ૩૦૬૦૮/૦૫૯૧૦/૨ થી વીજજોડાણ ધરાવે છે. અરજદારનું મકાન સૂચિત સોસાયટીમાં હોવાથી વેચાણ કરાર હોવા છતા નિયમોનું ખોટું અર્થઘટન કરી વીજકનેકશનમા નામ ટ્રાન્સફર કરવાની ના પાડવામાં આવેલ છે તથા ફરજીયાત નવું કનેકશન લેવાની ફરજ પાડવામા આવી રહેલ છે, તો કંપનીના કયા નિયમો /પરિપત્રોના આધારે ના પાડવામા આવી રહી છે. પેટાવિભાગીય કચેરી દ્વારા મનઘડત નિયમો ઘડી ધકકા ખવડાવી ફરજિયાત નવું કનેકશન લેવું પડશે તેમ જણાવેલ હોવાથી અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જણાવાયેલ કે, મવડીરોડ પેટાવિભાગીય કચેરીના ગ્રાહક નંબર- ૩૦૬૦૮/૦૫૯૧૦/૨ માં શ્રી દિનેશભાઈ કરશનભાઈ ના નામથી ચાવડા લખધીરભાઈ પ્રતાપભાઈ ના નામે નામબદલી કરવાની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જણાવાયેલ કે

અરજદાર દ્વારા મવડીરોડ સબડીવીઝનમાં કોઈ પત્રવ્યવહાર કરવામાં આવેલ નથી કે નામટ્રાન્સફરની અરજી પણ રજુ કરવામાં આવેલ નથી.

૩.૧ અરજદારે ફોરમમાં કરેલ અરજી સાથે નામબદલી માટેનું નિયત ફોર્મ-A-1 રજુ કરેલ ન હોય અને અરજીમાં વીજજોડાણ કોના નામે ટ્રાન્સફર કરવાનું છે તે પણ જણાવેલ નથી. પરંતુ અરજી સાથે સામેલ વેરા પહોંચ તેમજ "મકાનનો વેચાણ કરાર તથા ચુક્તે અવેજ ની પહોંચ અને કબજો સોપ્યાનો કરાર" ની નકલ અરજદાર શ્રી લખધીર પ્રતાપભાઇ ચાવડાના નામની હોય ઘર-વપરાશના વીજ-જોડાણ ગ્રાહક નંબર ૩૦૬૦૮/૦૫૯૧૦/૨ માં દિનેશભાઈ કરશનભાઇના નામથી અરજદારના નામે નામ બદલીની ફરિયાદ અંગે જણાવેલછે કે અરજદાર દ્વારા રજુ કરવામાં આવેલ તા.૧૮.૦૭.૨૦૨૨ ના નોટરાઇઝડ વેચાણ કરારમાં સ્પષ્ટ જણાવેલ છે. કે "મામલતદારશ્રી યુ.એલ.સી (રાજકોટ શહેર) દક્ષિણ તરફથી તા.૧૮.૦૫.૨૦૧૮ ના રોજથી શ્રી કનુભાઈ સોમાભાઇ સુસરા (ભરવાડ) વિગેરે-૦૨ માં નામે સનદ /હુકમ/કરવામાં આવેલ છે." જે નમુનો-૦૯ (સનદનો નમુનો) ચકસતા તેમાં "સદર જમીન હુકમની તારીખથી ૧૫ વર્ષ સુધી કોઈપણ રીતે તબદીલને પાત્ર બનશે નહીં " તેવો ઉલ્લેખ છે. આથી અરજદારના નામે નામ-ટ્રાન્સફર થઈ શકે નહીં.

૩.૨ વિશેષ જણાવવાનું કે મુળ વીજજોડાણ શ્રી દિનેશભાઇ કરશનભાઇ ના નામે છે. જેના દ્વારા સ્ટેમ્પ પેપર નં. ૧૭૫૭ તા.૧૦.૦૫.૧૯૫૬ અને ૧૫૮૭ તા.૧૫.૦૬.૧૯૯૬ થી શ્રી નાથજી સોસાયટી સૂચિત શેરી નં.૦૫ માં આવેલ જમીન ચોરસ.વાર .૬૦.૦૦ શ્રી ભરવાડ કનુભાઈ સોમાભાઇ સુસરાના નામે નોટરાઇઝડ વેચાણ કરાર કરવામાં આવેલ છે. જે ખરીદનારે મામલતદારશ્રી યુ.એલ.સી. તા.રાજકોટ શહેર, દક્ષિણ જી.રાજકોટ તા.૨૬.૦૭.૨૦૧૭ ની નોટિસ અન્વયે ભોગવટા હક્કની બાકી રકમ ભરપાઈ કરતાં નમુનો -૦૯ થી મામલતદારશ્રી (યુએલસી) રાજકોટ શહેર (દક્ષિણ) દ્વારા ભરવાડ કનુભાઈ સોમાભાઇ સુસરા તથા શ્રીમતી ભરવાડ શાંતાબેન કનુભાઈ સુસરાને સર્વે-૧૨૫ પૈકી ચાલતા નં. ૩૭૮ પૈકી ટી.પી.સ્કીમ નં. ૦૮ ફાઇનલ પ્લોટ નં,૭/૫ ના વર્ણનવાળી ૪૫-૬૬ ચો.મી. જમીન ની સનદ તા.૧૮.૦૫.૨૦૧૮ ના આપવામાં આવેલ છે. જે સનદ બાદ તા.૧૮.૦૮.૨૦૧૮ ના રોજ ભોગવટો હક્કની સનદ ધરાવનાર કનુભાઈ સોમાભાઇ સુસરા અને શાંતાબેન કનુભાઈ સુસરા એ સવાલવાળી જમીન શ્રી મહેશભાઇ સગરમભાઇ સુસરાને નોટરાઇઝ વેચાણ કરારથી વેચાણ આપેલ છે. જેઓ દ્વારા તા.૧૮.૦૭.૨૦૨૨ ના રોજ નોટરાઇઝડ વેચાણ કરારથી અરજદારને વેચાણ આપેલ છે. પરંતુ નમુના-૦૯ મુજબ ૧૫ વર્ષ સુધી જમીન કોઈપણ રીતે તબદીલને પાત્ર ન હોય અરજદારના નામે વીજજોડાણમાં નામટ્રાન્સફર થઈ શકે નહિ. ઉપરાંત અરજદારે રજુ કરેલ અરજીમાં અરજદારની સહી તેમજ તા.૧૮.૦૭.૨૦૨૨ ના વેચાણ કરારમાં અરજદારની સહીમા વિસંગતતા છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ ફરિયાદી અરજદાર ગ્રાહક નં.૩૦૬૦૮/૦૫૯૧૦/૨ થી ઘરવપરાશનું વીજજોડાણ શ્રી દિનેશભાઈ કરશનભાઈના નામે ૫ – શ્રીનાથજી સોસાયટી ચામુંડા આશિષની સામે, રાજકોટ ખાતે ધરાવે છે. અરજદારની રજૂઆત મુજબ સદર વિસ્તાર સૂચિત સોસાયટીમા હોવાથી વેચાણ કરાર કરવા છતા નિયમોનું ખોટુ અર્થઘટન કરીને પીજીવીસીએલ પક્ષકાર દ્વારા વીજબીલમાં નામ બદલીની અરજી સ્વીકારેલ નથી તેમજ નવું વીજજોડાણ લેવા માટે જણાવેલ જેથી અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

૪.૨ અરજદાર દ્વારા ઉપરોક્ત રજૂઆતની સાથે નીચે મુજબના આધાર પુરાવાની નકલો રજુકરેલ છે.

૧) પ્રોપટી ટેક્સ નામ ટ્રાન્સફર, રાજકોટ મહાનગરપાલિકાની પહોચ નં.૨૦૨૨/૦૦૦૬૮૮/૪ તા.૧૯.૦૭.૨૨

ની નકલ રજુ કરેલ છે તે મુજબ નવું નામ :લખધીર પ્રતાપભાઈ ચાવડા અને જુનુ નામ શ્રી કનુભાઈ સોમાભાઈ સુસરા નોધાયેલ છે.

૨) મકાન વેચાણ કરાર નોન જયુડીશિયલ રૂ. ૩૦૦ના સ્ટેપપેપર નોટરાઈઝની નકલ રજુ કરેલ છે. તે મુજબ મવડી ગામના રેવન્યુ સર્વે નં. ૧૨૪ તથા ૧૨૫ પૈકી માં આવેલ શ્રી નાથજી સોસાયટી (સૂચીત) ના ચાલતા નં. ૩૭૮ પૈકી ટી.પી/ સ્કીમ નં. ૮, ફાઈનલ પ્લોટ નં. ૭/૫ની જમીન ચો. વા. આ. ૪૫-૪૬ માં ઉપર આવેલ મકાનનો વેચાણ કરાર તથા ચૂકતે અવેજની પહોચ. તા.૧૮-૦૭-૨૦૨૨ થી થયેલ છે. તે મુજબ મકાન વેચનાર શ્રી મહેશભાઈ સગરામભાઈ સુસરા અને મકાન ખરીદનાર શ્રી લખધીર પ્રતાપભાઈ ચાવડા લખેલ છે. તેમજ નોન જયુડીશિયલ સ્ટેપપેપર રૂ. ૧૦૦ તા.૧૮.૦૮.૨૦૧૮ માં વેચાણ કરાર કમ ચૂકતે અવેજની પહોચની નકલ રજુ કરેલ છે.તે મુજબ મવડી ગામના રેવન્યુ સર્વે નં. ૧૨૪ તથા ૧૨૫ પૈકી માં આવેલ શ્રી નાથજી સોસાયટી (સૂચીત) ના ચાલતા નં. ૩૭૮ પૈકી ટી.પી/ સ્કીમ નં. ૮, ફાઈનલ પ્લોટ નં. ૭/૫ની જમીન ચો. વા. આ. ૪૫-૪૬ માં ઉપર આવેલ મકાનનો વેચાણ કરાર તથા ચૂકતે અવેજની પહોચ. તા.૧૮-૦૭-૨૦૨૨ થી થયેલ છે. તે મુજબ મકાન વેચનાર શ્રી કનુભાઈ સોમાભાઈ સુસરા અને શ્રી શાંતાબેન કનુભાઈ સુસરા અને મકાન ખરીદનાર શ્રી મહેશભાઈ સગરામભાઈ સુસરા લખેલ છે.

3) મામલતદારશ્રી (યુ.એલ.સી.) રાજકોટ શહેર દક્ષિણ દ્વારા અરજી નં. ૨૨૨૭૦/૧૬૨૦ તા.૧૬.૦૫.૨૦૧૮ થી શ્રી ભરવાડ કનુભાઈ સોમાભાઈ સુસરા અને શ્રીમતી ભરવાડ શાંતાબેન કનુભાઈ સુસરા ને સંબોધીને લખેલ પત્ર મુજબ, સનદનો નમુનો-૯ "શહેરી જમીન (ટોચર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ હેઠળ વધારાની ફાજલ જાહેર કરેલ અને સરકાર સંપ્રાપ્ત થયેલ જમીનો પૈકીની ચોકકસ જમીનોનો ભોગવતો કાયદેસર કરવા બાબત વટહુકમ, ૨૦૧૬" ની જોગવાઈ હેઠળ સરકાર સંપ્રાપ્ત જમીન પૈકી તેની ઉપર થયેલ રહેણાકના ભોગવતા હેઠળની જમીનનો ભોગવટા હકક આપવા માટેની સનદનો નમુનો" નકલ રજુ કરેલ તે મુજબ મવડી-૧, રાજકોટ શહેર (દક્ષિણ), તાલુકો- રાજકોટ, જિલ્લો- રાજકોટમાં આવેલ સર્વેનં. ૧૨૫ પૈકી, ચાલતા નં. ૩૭૮ પૈકી, ટી.પી. સ્કીમ નં. – ૮, ફાઈનલ પ્લોટ નંબર-૭/૫ ના વર્ણનવાળી ૪૫.૬૬ ચો.મી. ના ક્ષેત્રફળ ધરાવતી જમીન ભોગવટા હકકની વસુલ કરીને જમીન બાબતે ભોગવટા હકક આપવામાં આવ્યો છે. સદરહુ જમીન સરકારની સ્પષ્ટ સિવાય કોઈપણ વખતે રહેણાંકના હેતુ સિવાયના કોઈપણ હેતુ માટે ઉપયોગમાં લેવી નહિ. તેમજ સદરહું જમીન હુકમની તારીખથી ૧૫ વર્ષ સુધી કોઇપણ રીતે તબદીલીને પાત્ર બનશે નહિ. સિવાય કે ભોગવાટેદારાના અવસાનના પ્રસંગે તમના કાયદેસરના વારસદારોના નામે વારસાઈ કરવાની થાય.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૩ નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં.૦૪/૨૦૧૫ ના મુદ્દા નં "૪.૭૧ : નીચે વિગતે દર્શાવેલી કાર્યપધ્ધતિ અનુસાર, પરવાનેદાર મિલ્કતની માલિકી/કબ્જા હકમાં ફેરફારને કારણે ગ્રાહકના નામમાં ફેરફારને લગતી અરજીઓ અંગે પગલા ભરશે.

૧) અરજદાર આ સંહિતાના જોડાણ-૧ કે ૨ (લાગુ પડે તે પ્રમાણે) માં ઠરાવેલ ફ્રોમેટની સાથે છેલ્લું યોગ્ય ચુકવણી થયેલ બિલની નકલ સાથે ગ્રાહકના નામમાં ફેરફાર માટે અરજી કરશે. જ્યાં સુધી સંબંધિત જોડાણ સામેના વસુલપાત્ર તમામ લેણાની પતાવટ કરાય નહીં ત્યાં સુધી જોડાણ તબદીલ કરવાની દરખાસ્ત સ્વીકારશે નહી. જગ્યાની માલિકી/કબ્જાનું પ્રમાણ દર્શાવ્યેથી અરજીપત્રકનો સ્વીકાર કરાશે. અરજદારને નામે જામીન અનામતની તબદીલી સામેલ હોય તેવા કેસો માટે નોંધાયેલ ગ્રાહક કે જગ્યાના અધિકૃત વ્યક્તિ પાસેથી ના-વાંધા પ્રમાણપત્ર' જરૂરી બનશે. અરજદારના નામે જામીન અનામત તબદીલ કરવાના કેસમાં ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (જામીન અનામત) વિનિયમો,૨૦૦૫ અને તેના સુધારા અનુસાર ગણેલ

જામીન અનામતની ઘટ અરજદારે ચૂકવવાની રહેશે. પરવાનેદાર આ સંહિતાના ખંડો ૪.૬૪ - **૪.૬૬ અનુસાર** અરજી પત્રકની પ્રક્રિયા કરશે.

૨) નોંધાયેલ ગ્રાહક કે અધિકૃત વ્યક્તિ પાસેથી ના-વાંધા પ્રમાણપત્ર' રજુ ન કરાય તો ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (જામીન અનામત) વિનિયમો, ૨૦૦૫ અને તેના વખતોવખતનાં સુધારામાં નિયત કર્યા મુજબ જો જામીન અનામતની રકમ નવેસરથી ચૂકવાય તો જ નામની ફેરબદલી માટેનું અરજી પત્રક સ્વીકારાશે. આમ છતાં સંબંધિત વ્યક્તિ દ્વારા હકદાવો કરાય ત્યારે હકદાવો કરનારને મૂળ જામીન અનામતની રકમ પરત કરાશે.

3) ગ્રાહકના નામનો ફેરફાર, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના (વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ) વિનિયમો, ૨૦૦૫ અને તેમાં વખતોવખત સુધારામાં ઠરાવેલ સમય-માળખા મુજબ અમલી બનશે.

૪.૪ નામદાર જીઈઆરસી ના સપ્લાય કોડ નોટીફીકેશન નં.૦૪/૨૦૧૫ ના મુદ્દા નં. ૪.૬૦ અન્વયે જો અરજદારે માલિકી/કબજામાં ફેરફારને કારણે નોધણી કરાયેલ ગ્રાહકના નામમાં ફેરફાર અંગેની અરજી જોડાણ ૧ અને ૨ (લાગુ પડે તે પ્રમાણે) અરજીપત્રકમાં અરજદારના ઓળખની સાબિતી માટે અને જગ્યાની માલિકી કે કબજા હકક માટેના લાગુ પડતા દસ્તાવેજ પુરાવા સાબિતી તરીકે રજુ કરવાના રહેશે તે મુજબ અરજદાર દ્વારા રાજકોટ મહાનગરપાલિકાની મિલકત વેરાના નામ ટ્રાન્સફરની પહોંચ ઉપરોક્ત મુદા નં. ૪.૨ (૧) મુજબ રજુ કરેલ છે. જેની નકલ અરજદારે નામ ટ્રાન્સફર માટેના અરજીપત્રક સાથે જોડેલ ન હોવાથી તેમજ અરજદાર દ્વારા રજુ કરેલ રહેણાંક માટેની જમીન મામલતદારશ્રી (યુએલસી) રાજકોટ શહેર (દક્ષિણ) દ્વારા અપાયેલ સનદ નમુના નં.૯ માં કરાયેલ જોગવાય મુજબ સદરહું જમીન હુકમની તારીખથી ૧૫ વર્ષ સુધી કોઇપણ રીતે તબ્દીલીને પાત્ર બનશે નહિ. સદર બાબતની જાણકારી ફરિયાદી અરજદારને સદર કેસની સુનાવણી દરમિયાન ફોરમ દ્વારા માહિતગાર કરેલ છે.

૪.૫ ઉપરોક્ત મુદા નં. ૪.૪ મુજબ ફરિયાદી અરજદાર દ્વારા વીજજોડાણમાં નામ બદલીની અરજી સાથે કબજાની માલિકીની સાબિતી માટે મ્યુનિસિપલ વેરાની પહોંચ અને અરજદારના ઓળખપત્ર સાથે ફરીથી અરજી કરવા અરજદારને જાણ કરવામાં આવે છે. તેમજ સદર અરજી રજુ થયેથી પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સપ્લાય કોડ ના કલોસ નં. ૪.૭૧ મુજબ કાર્યવાહી કરવા સુચનાં આપવામાં આવે છે.

૪.૬ ઉપરોક્ત મુદ્દા નં ૪.૫ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે તેમજ કરેલ કાર્યવાહીનો વિગતવાર રીપોર્ટ અત્રેના ફોરમને દિવસ- ૧૦ માં પાઠવવાની સુચના આપવામાં આવે છે.

૪.૭ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

Joshi. Nitinvan

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (એન.જી.કારીયા) | (એન.સી.મકવાણા) |
| **સભ્ય (સ્વતંત્ર)** | **સભ્ય (ટેકનીકલ)** | **ચેરપર્સન** |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

નોંધ: અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાતવિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨.૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ,કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧